**એલ.એ.આર.નં. ૮/૨૦૧૪**

**એલ.એ.કયુ./ડીએફસીસી/રે.એ.એ.૨૦૦૮/ક/૨૦–એચ/ઉનાલી/વશી.૫૦૯/૨૦૧૪**

## <u>આંક–૧ લગત હુકમ :–</u>

સદર એલ.એ.આર. કેસનું રેકર્ડ જોતાં જમીન સંપાદન અંગે રેલ્વે એમેડમેન્ટ એકટ–૨૦૦૮ની કલમ–૨૦/એચ, પેટા કલમ–૪ મુજબનો એવોર્ડ તા.૨૧/૭/૨૦૧૪ ના રોજ થયેલો છે. સદર કામે જમીન સંપાદન રેલ્વે એમેડમેન્ટ એકટ મુજબના એલ.એ.આર. કેસો ચલાવવાની સત્તા તે અનવયે અમલમાં આવેલ ટ્રીબ્યુનલને રહેતી હોય છે. જે સંજોગોમાં હાલનો એલ.એ.આર. કેસ ચલાવવાની સત્તા અત્રેની સીવીલ અદાલતને રહેતી નથી, તેમજ સદર કામે ધ રાઈટ ટુ ફેર કોમ્પેનસેશન એન્ડ ટ્રાન્સફરન્સી ઈન લેન્ડ એકવીઝીશન, રીહેબીલીટેશન એન્ડ રીસ ેટલમેન્ટ એકટ–૨૦૧૩ અમલમાં આવ્યા પછી તા.૧/૧/૨૦૧૪ પછી થયેલાં લેન્ડ એકવીઝીશન અંગેના એવોર્ડ ચલાવવાની સત્તા સીવીલ અદાલતોને રહેતી નથી તેવી તે એકટમાં જોગવાઈ થયેલી છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આઉટ વર્ડ નં.ડી/૨૯૧૪/૧૮, તા.૧૯/૭/૨૦૧૮ અને તા.૨૦/૭/૨૦૧૮ ના પત્રથી તા.૧/૧/૨૦૧૪ પછી થયેલાં એવોર્ડ અંગેના એલ.એ.આર.કેસો જે સત્તા મંડળે સીવીલ કોર્ટમાં મોકલેલા હોય તે સક્ષમ સત્તા મંડળને નવા કાયદા મુજબ આગળની કાર્યવાહી થવાં પરત મોકલી આપવા જણાવવામાં આવેલ છે. જે સંજોગોમાં સદર એલ.એ.આર.કેસ જે તે સક્ષમ સત્તા મંડળને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે અને એ રીતે હાલનો એલ.એ.આર. કેસ ફેસલ કરવામાં આવે છે.

અત્રેની કોર્ટની રજીસ્ટ્રીએ સદર એલ.એ.આર.કેસની રેફરન્સ અરજી, એવોર્ડની નકલ તથા વકીલપત્ર તથા રેફરન્સ સાથે રજુ થયેલા કાગળો હોય તેની એક નકલ રાખી સદર રેફરન્સ તથા એવોર્ડની નકલ તથા વકીલપત્ર તથા રેફરન્સ સાથે રજુ થયેલા કાગળો હોય તે સક્ષમ સત્તા મંડળને પરત મોકલી આપવાં હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૭ માહે નવેમ્બર સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૭/૧૧/૨૦૧૮
કલોલ.

(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)
GJ00646
પ્રિન્સિ.સીની.સીવીલ જજ
કલોલ.